## વલસાડમાં આ માર્ગ પરથી ગણેશ વિસર્જન યાત્રા પસાર થશે




## વલસાડ જિલ્લામાં ૨૦૦૦થી વધુ ગણેશ પ્રતિમાઓનું વિસર્જન

વલસાડ: વલસાડ જિલ્લાના ૫૦૦થી વધુ સાર્વજનિક ગણેશ મંડળો તેમજ ઘરગથ્થુ સ્થાપના મળી કુલ ૨૦૦૦થી વધુ નાની-મોટી ગણેશ પ્રતિમાઓનું આજે નદીઓમાં વિસર્જન થશે. આ વિસર્જન યાત્રામાં ૧ ફૂટથી લઈને ૧૦ ફૂટ ઊંચી વિશાળ પ્રતિમાઓનો સમાવેશ થાય છે. વલસાડ શહેરમાં ઔરંગા નદીના પટમાં, પારડીમાં પાર નદી ખાતે તેમજ વાપીમાં દમણગંગા નદીના ઘાટ પર પ્રતિમાઓના વિસર્જન માટે ખાસ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. ગણેશ વિસર્જન યાત્રા શાંતિપૂર્ણ અને સુરક્ષિત માહોલમાં સંપન્ન થાય તે હેતુથી જિલ્લા પોલીસ વહીવટીતંત્ર દ્વારા અભેદ્ય સુરક્ષા કવચ ગોઠવી દેવામાં આવ્યું છે. સમગ્ર જિલ્લામાં ૨ આઈપીએસ (IPS) અધિકારીઓ, ૪ ડીવાયએસપી (DySP), ૨૦ પીઆઈ (PI), ૫૦થી વધુ પીએસઆઈ (PSI) અને ૫૦૦થી વધુ પોલીસ જવાનો સુરક્ષા વ્યવસ્થામાં ખડેપગે તૈનાત રહેશે. સંવેદનશીલ વિસ્તારો અને મુખ્ય વિસર્જન રૂટ પર પોલીસ દ્વારા ખાસ વોચ રાખવામાં આવી રહી છે. વિસર્જન યાત્રાઓ અને શોભાયાત્રાઓને પગલે મુખ્ય માર્ગો પર ભારે ટ્રાફિક જામ સર્જાવાની શક્યતા છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખી ટ્રાફિક પોલીસે સામાન્ય નાગરિકોને મુશ્કેલી ન પડે તે માટે મુખ્ય માર્ગો પર બિનજરૂરી અવરજવર ટાળવા અને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અપીલ કરી છે. ટ્રાફિક વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને શિક્ષણ વિભાગ દ્વારા પણ પગલાં લેવામાં આવ્યા છે.

## નવસારીમાં ગણેશોત્સવના અંતિમ દિને પંડાળોમાં ભક્તોની ભારે ભીડ

**15,000 પ્રતિમાઓનું વિસર્જન થશે, અનેક માર્ગો પર ટ્રાફિક જામ**

નવસારી: ગણેશ મહોત્સવના અંતિમ દિવસે નવસારી શહેરમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. આવતીકાલે ગણપતિ વિસર્જન થવાનું હોવાથી આજે શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ગણેશ મંડળોના પંડાલોમાં બાપાના અંતિમ દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા.

ગણેશજીના દર્શન માટે શ્રદ્ધાળુઓની વધતી ભીડને કારણે અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર વાહનોની સંખ્યા વધી હતી, જેના પરિણામે વિવિધ માર્ગો પર ટ્રાફિકજામના દૃશ્યો સર્જાયા હતા. પંડાલોમાં ભક્તોની ભીડ વચ્ચે 'ગણપતિ બાપ્પા મોરિયા'ના જયઘોષથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. આવતીકાલે યોજાનારા ગણપતિ વિસર્જનને ધ્યાનમાં રાખીને નવસારી પોલીસ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં જરૂરી પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ભીડ નિયંત્રણ અને ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ કર્મચારીઓ દ્વારા સતત કામગીરી કરવામાં આવી રહી છે. આવતીકાલે વિસર્જન સાથે ગણેશ મહોત્સવનું સમાપન થશે અને ભક્તો દ્વારા ગણપતિ બાપાને ભાવભીની વિદાય આપવામાં આવશે. નવસારીમાં અંદાજે 15000થી વધુ પ્રતિમાઓનું વિસર્જન થશે.



## ગણેશ વિસર્જન પૂર્વે બીલીમોરામાં પોલીસની ફ્લેગ માર્ચ, 150થી વધુ જવાન તૈનાત

બીલીમોરા: ગણેશ વિસર્જનના પર્વને અનુલક્ષીને બીલીમોરા શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ વિસર્જન યાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે ગુરુવારે મોડી સાંજે બીલીમોરા પોલીસ મથકના પીઆઈ એ.એસ. સરવૈયાની આગેવાની હેઠળ પોલીસ કાફલાએ શહેરના સ્ટેશન રોડ સહિતના મુખ્ય માર્ગો અને સંવેદનશીલ વિસ્તારોમાં ફ્લેગમાર્ચ યોજાઈ હતી. આજે શુક્રવારે યોજાનારી ગણેશ વિસર્જન યાત્રાને ધ્યાનમાં રાખીને બીલીમોરા પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે. ડીવાયએસપી, પોલીસ ઇન્સ્પેક્ટર અને પીએસઆઈ સહિત આશરે ૧૫૦ પોલીસ જવાનોને વિવિધ સ્થળોએ તૈનાત કરવામાં આવશે. મુખ્ય વિસર્જન માર્ગો, સંવેદનશીલ વિસ્તારો તથા અંબિકા નદી બંદર ઓવારે ગણેશ પ્રતિમાઓના વિસર્જન વેળા પોલીસ દ્વારા સતત નજર રાખવામાં આવશે.

## વઘઈના બરડા ગામે અન્ય પાકની આડમાં ગાંજાની ખેતી

**રૂ. 15.48 લાખની કિંમતનો 30.97 કિલો ગાંજો જપ્ત, એકની ધરપકડ**





ગિરીશ ભોયે

સાપુતારા: ડાંગ LCB અને વઘઈ પોલીસની ટીમ દ્વારા હાથ ધરાયેલી સંયુક્ત કાર્યવાહીમાં ડાંગ જિલ્લામાં અત્યાર સુધીના સૌથી મોટી રકમના ગાંજાના વાવેતરનો કેસ શોધી કાઢવામાં આવ્યો છે.

વઘઈ તાલુકાનાં બરડા ગામે રહેતા 40 વર્ષીય હરીભાઈ રડકેભાઈ રાઠોડના ઘરના પાછળના વાડામાં ડાંગ પોલીસે દરોડો પાડ્યો હતો. આરોપીએ કોઈને શંકા ન જાય તે રીતે પોતાના વાડામાં મકાઈ, ભીંડા, કાકડી તેમજ ખરસાટાના છોડની વચ્ચે ગેરકાયદે રીતે ગાંજાનું વાવેતર કર્યું હતું. દરોડા દરમિયાન પોલીસે 3 ફૂટથી લઈને 13 ફૂટ સુધીની ઊંચાઈ ધરાવતા નાના-મોટા કુલ 7 જેટલા ગાંજાના છોડ જપ્ત કર્યા છે. પોલીસ તપાસમાં જપ્ત કરવામાં આવેલા ગાંજાના લીલા છોડનું કુલ વજન 30.97 કિલોગ્રામ નોંધાયું છે, જેની અંદાજિત કિંમત રૂ. 15,48,500 થવા જાય છે. ડાંગ LCBનાં PSI જે. જી. અનડકટ અને વઘઈ PI એ. એ. ચાવડાની ટીમ દ્વારા આરોપી હરીભાઈ રાઠોડની ઘટનાસ્થળેથી જ ધરપકડ કરવામાં આવી છે. હાલમાં વઘઈ પોલીસ સ્ટેશન ખાતે આરોપી વિરુદ્ધ NDPS એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

## વલસાડમાં યુવતીની હત્યામાં યુપીના પિતા-પુત્ર સહિત PSI સામે ગુનો

**ગોરખપુરથી લગ્નની લાલચે અપહરણ કરી વલસાડ લાવી હત્યા કરાઈ હતી**

વલસાડ: ઉત્તર પ્રદેશના ગોરખપુરથી લગ્નની લાલચ આપી યુવતીનું અપહરણ કરી વલસાડ લાવી તેની નિર્મમ હત્યા કરી દેવાના ચકચારી બનાવમાં વલસાડ સિટી પોલીસે પાંચ આરોપી સામે હત્યા અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસમાં ગોરખપુરના સ્થાનિક પોલીસ સબ ઈન્સ્પેક્ટર સામે પણ આરોપીઓને મદદગારી કરવા મામલે ગુનો દાખલ થતાં ચકચાર મચી જવા પામી છે.

મળતી વિગતો મુજબ, ઉત્તર પ્રદેશના ગોરખપુર જિલ્લાના બડહલગંજ પોલીસ સ્ટેશન હદના પારસિયા તિવારી ગામના રહેવાસી હરિકેશ અભિરાજ ચમારની દીકરી ગુંજાનું સની હરિલાલ જૈસવાલ નામના યુવકે લગ્નની લાલચ આપી અપહરણ કર્યું હતું. ફરિયાદી પિતાએ દીકરીના અપહરણ અંગે બડહલગંજ પોલીસ મથકે ફરિયાદ કરી હતી, પરંતુ સ્થાનિક અધિકારી પ્રિતેશ તિવારીએ કોઈ નક્કર તપાસ કરી નહોતી.

આ દરમિયાન સની જૈસવાલ યુવતીને વલસાડના મોગરાવાડી સ્થિત મુકેશભાઇ યાદવની ચાલમાં લઈ આવ્યો હતો. જ્યાં યુવતી પર ત્રાસ ગુજારી તેને જાતિસૂચક અપશબ્દો બોલી ધમકીઓ અપાતી હતી. બાદમાં તારીખ ૨૭ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ આરોપીઓએ સાથે મળી ગુંજાની હત્યા નીપજાવી હોવાનું સામે આવ્યું હતું. મૃતકના પરિવારને બનાવની જાણ થતાં તેઓ વલસાડ પહોંચ્યા હતા, જ્યાં ભાષાની મુશ્કેલી અને અજાણ્યા વાતાવરણનો લાભ ઉઠાવી આરોપીઓએ પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો. સ્થાનિક કક્ષાએ કોઈ સુનાવણી ન થતાં આખરે પીડિત પિતાએ ગોરખપુરની સેશન્સ અદાલતમાં કલમ ૧૭૩(૪) બી.એન.એસ.એસ. હેઠળ દાદ માંગી હતી. અદાલતે આ મામલે ગુનો નોંધવા આદેશ કરતાં બડહલગંજ પોલીસે એફ.આઈ.આર. નોંધી હતી. ઘટનાસ્થળ વલસાડ શહેરનું હોવાથી સમગ્ર મામલો વલસાડ સિટી પોલીસ સ્ટેશન ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. વલસાડ સિટી પોલીસે સની હરિલાલ જૈસવાલ, હરિલાલ રામનાથ જૈસવાલ, દ્રૌપદી હરિલાલ જૈસવાલ, સત્યમ હરિલાલ જૈસવાલ અને તત્કાલીન તપાસ અધિકારી પીએસઆઈ પ્રિતેશ તિવારી સામે ગુનો દાખલ કર્યો છે. આ સંવેદનશીલ કેસની આગળની તપાસ હાથ ધરી છે.

## ખિલખિલાટ વાહને માતા અને નવજાતને રસ્તામાં જ ઉતારી દીધાં !

**વાંસદાના ખડકીયા ગામના પરિવાર સાથે બનેલી ઘટનાથી તંત્ર સામે સવાલો**



નિલેશ કાપડીયા

વાંસદા: વલસાડ સિવિલ હોસ્પિટલમાં સારવાર બાદ ડિસ્ચાર્જ થયેલા વાંસદા તાલુકાના ખડકીયા ગામના એક પરિવારની માતા અને નવજાત બાળકને સરકારી 'ખિલખિલાટ' વાહન દ્વારા તેમના ઘર સુધી પહોંચાડવાના બદલે વાંસદાના હનુમાનબારી સર્કલ પાસે જ ઉતારી દેવામાં આવ્યા હોવાની ઘટના સામે આવી છે. જેના કારણે પરિવારને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. વાંસદા તાલુકાના ખડકીયા ગામમાં રહેતા એક ગરીબ પરિવારની સગર્ભા મહિલા ને સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. સારવાર બાદ માતા અને નવજાત બાળકને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતા તા.૨૪/૯/૨૦૨૬ ના રોજ તેમને ઘરે પહોંચાડવા માટે સરકારી ખિલખિલાટ વાહનમાં બેસાડવામાં આવ્યા હતા. નવજાત બાળક સાથે રસ્તા પર ઉતારી દેવાતા પરિવારને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ પરિસ્થિતિમાં માતાએ પોતાના સંબંધીઓનો સંપર્ક કરી બોલાવવા પડ્યા હતા. જેને લઈ ખિલખિલાટ વાહન સેવાની કામગીરી સામે સવાલો ઉઠ્યા છે અને જવાબદારો સામે કાર્યવાહીની માંગ ઉઠવા પામી છે.

## ઘેજના દુકાન ફળિયામાં દીપડો સીસીટીવીમાં કેદ થયો



ધર્મેશ પટેલ

ઘેજ: ચીખલી તાલુકાના ઘેજ ગામના દુકાન ફળિયા વિસ્તારમાં દીપડાની લટારથી સ્થાનિકોમાં ડરનો માહોલ ફેલાવા પામ્યો છે. દુકાન ફળિયામાં વાઘલધરા રોડ પર પી.એચ.સી.ની સામેના વિસ્તારમાં ધર્મેશ લક્ષ્મણભાઈના ઘરની પાછળ રાત્રે દીપડો ઘસી આવ્યો હતો. દીપડાની સમગ્ર હલચલ ઘરના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. સ્થાનિક આગેવાનો દ્વારા રજૂઆત કરાતા વન વિભાગ દ્વારા પાંજરુ ગોઠવવામાં આવ્યું હતું.

## બીલીમોરાના બીગરીમાં સરકારી જમીન પરનાં દબાણો સામે તંત્રની લાલ આંખ

**૨૭ સપ્ટેમ્બર સુધી સામાન ખસેડવાની મુદત, ૨૮ સપ્ટેમ્બરથી ડિમોલિશન કાર્યવાહી**



કેરસી બારીયા

બીલીમોરા: બીલીમોરાના બીગરી ગામે સરકારી જમીન પર કરવામાં આવેલા ગેરકાયદે દબાણો સામે તંત્ર દ્વારા કડક કામગીરી હેઠળ ગુરુવારે ડિમોલેશન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ચીખલીના પ્રાંત અધિકારીના માર્ગદર્શન હેઠળ ગણદેવીના મામલતદાર દીપિકા રોઝ, બીલીમોરાના સર્કલ ઓફિસર, મદદનીશ મત્સ્ય ઉદ્યોગ અધિક્ષક, ધોલાઈ બંદર, મહેસૂલી તલાટી ધોલાઈ, વલસાડ રૂરલ ડિવિઝનના નાયબ ઈજનેર, વીજ વિભાગના કર્મચારીઓ તેમજ પોલીસ સ્ટાફની હાજરીમાં કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. તંત્રના જણાવ્યા મુજબ, સરકારી જમીન પર દુકાનો, મકાનો અને શેડ સહિતના વિવિધ પ્રકારના બાંધકામો કરવામાં આવ્યા હતા. મામલતદાર, ગણદેવી દ્વારા સરકારી જમીન પરના ગેરકાયદે દબાણો તાત્કાલિક દૂર કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. ગુરુવારે સવારે ૧૧ વાગ્યાથી વીજ વિભાગના કર્મચારીઓ દ્વારા દબાણવાળા મકાનો, દુકાનો અને શેડમાં લગાવવામાં આવેલા વીજ મીટરો દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ૨૭ સપ્ટેમ્બર સુધી દબાણકર્તાઓ પોતાનો સામાન ખસેડી શકશે. ત્યારબાદ ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬થી સરકારી જમીન પરના બાકી રહેલા ગેરકાયદે બાંધકામો અને દબાણો દૂર કરવાની અંતિમ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## આહવાના સનસેટ પોઈન્ટ તળાવમાં નાહવા પડેલા યુવકનું ડૂબી જતાં મોત

સાપુતારા: આહવાના પ્રખ્યાત સનસેટ પોઈન્ટ પાસે આવેલા તળાવમાં ડૂબી જવાથી એક યુવકનું મોત નીપજ્યું થયું છે. આહવાના ડુંગરી ફળિયામાં રહેતા ગોટુ દેવરામ ચૌધરી નામના યુવક નશાની હાલતમાં સનસેટ પોઈન્ટ નજીક આવેલા તળાવ પાસે કપડાં ધોવા માટે ગયા હતા. કપડાં ધોતી વખતે તેઓ તળાવના પાણીમાં નાહવા માટે પડ્યા હતા, પરંતુ નશાની હાલત હોવાથી અને પાણીના ઊંડાણનો અંદાજ ન રહેતા તેઓ તળાવમાં ગરકાવ થઈ ગયા હતા અને ડૂબી જવાથી તેમનું સ્થળ પર જ નીપજ્યું હતું. આ અંગે પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## ગુડગાંવ સ્ટેશને ભૂલથી ઊતરી ગયેલા વૃદ્ધા પરત ફર્યા

**અજાણ્યા શહેરમાં ફસાયેલા હીરાબા માટે કલેક્ટર કચેરી અને નેતાઓની સંતર્કતા કામ લાગી**



નવસારી: નવસારીથી ટ્રેન મારફતે દિલ્હી જવા નીકળેલા વૃદ્ધ હીરાબા ભૂલથી દિલ્હી પહોંચવાને બદલે હરિયાણાના ગુડગાંવ સ્ટેશન પર ઉતરી જતાં અજાણ્યા શહેરમાં મુશ્કેલીમાં મુકાયા હતા. એકલા અને અજાણ્યા સ્થળે હોવાથી ગભરાયેલા હીરાબા પાસે નવસારી જિલ્લા કલેક્ટર કચેરીના પીએનો સંપર્ક નંબર હતો. તેમણે તાત્કાલિક ફોન કરીને પોતાની સ્થિતિ અંગે જાણ કરી હતી. હીરાબાનો ફોન મળતાં જ નવસારી જિલ્લા કલેક્ટર કચેરીનું તંત્ર સક્રિય થયું હતું. ગુડગાંવ પોલીસ સાથે તાત્કાલિક સંપર્ક કરી હીરાબાની શોધખોળ અને સુરક્ષાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે બાદ તેઓ નવસારી પહોંચતા પરિજનોમાં રાહતની લાગણી પ્રસરી હતી.

**ઘેજમાં પંચાયત કચેરીના બાંધકામનો વિવાદ વકર્યો**

## સરપંચ અને જિ. પંચાયત સભ્ય સહિત છ સામે સામ-સામી ફરિયાદ

**વિવાદને લઈ તનાવની સ્થિતિ, ગંભીરતાને ધ્યાનમાં રાખી DySP દ્વારા તપાસ હાથ ધરાઈ**

ઘેજ: ચીખલી તાલુકાના બરોલિયા મંદિર ફળિયામાં ગ્રામ પંચાયત કચેરીના બાંધકામના વિવાદમાં પોલીસે જિલ્લા પંચાયતના સભ્ય અને સરપંચ, સરપંચ પતિ સહિત છ જેટલા સામે સામ-સામી ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી.

પોલીસ મથકેથી પ્રાપ્ત વિગત મુજબ ફરિયાદી પ્રિયંકાબેન અલ્પેશભાઈ પટેલ (રહે., બારોલિયા મંદિર ફળિયા, તા.ચીખલી) કે જેઓ ગામના સરપંચ હોય ગતરોજ ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે નાળા નાંખવાનું કામ ચાલુ હોય તેમના પતિ સાથે સ્થળ પર ગયા હતા. આ દરમ્યાન તે વખતે ત્યાં તલાવચોરાના અમીતાબેન, માર્ગ મકાનના અધિકારીઓ, જેસીબી, ક્રેનના ડ્રાઈવર હાજર હતા અને ત્યાં આગળ ચાલુ કામ બંધ કરાવી દેતાં કામ બંધ કરાવવા અંગે લેખિત માંગતા હું કેમ લેખિત આપું તેમ કહી આરોપીઓ ઉશ્કેરાઈ જઈ સરપંચના પતિને માથામાં પથ્થરથી સળિયાથી માર માર્યો હતો અને પતિને બચાવવા જતાં તેમને પણ લાત મારી જાતિ વિષયક ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. પોલીસે જતીન ભાણાભાઈ કુનબી, જીગ્નલ અલ્પેશ પટેલ, સુરેશ દેવાભાઈ પટેલ (તમામ રહે., બારોલિયા મંદિર ફળિયા તા.ચીખલી) તથા અમીતાબેન અશ્વિનભાઈ પટેલ (રહે., તલાવચોરા ધરતી રેસિડેન્સી) સહિત ચાર સામે ફરિયાદ નોંધી હતી.

બીજી તરફ જતીન ભાણાભાઈ પટેલે (રહે.બારોલિયા મંદિર ફળીયા તા.ચીખલી)એ સરપંચ પતિ અલ્પેશે મારી પત્ની વોર્ડ સભ્ય છે, તેમ કહી ધક્કો મારી, ઢીક્કામુક્કીનો માર મારી જતી વિષયક ગાળો આપી ધમકી આપી હોવાની ફરિયાદમાં પોલીસે સરપંચ પ્રિયંકાબેન અલ્પેશભાઈ પટેલ, અને અલ્પેશ મનુભાઈ કોળી પટેલ (બન્ને રહે.બારોલિયા મંદિર ફળીયા તા.ચીખલી) સામે ફરિયાદ નોંધી હતી. બન્ને ગુનાની તપાસ ડીવાયએસપી હરીશભાઈ ચાંદુએ હાથ ધરી હતી. રાત્રિ દરમિયાન કોંગ્રેસના કેટલાક આગેવાનો પોલીસ મથકે આવી જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષને આરોપી તરીકે જોડવા માટે રજૂઆત કરી હતી.


શું તમે આંતલિયાના નવા શોરૂમમાં પધાર્યા નથી ?

બીલીમોરા સ્ટેશનથી ફક્ત 5-7 મિનિટ | ચીખલી ચોકડીથી ફક્ત 8-10 મિનિટ

નવસારીથી - વલસાડથી - વાંસદાથી ફક્ત 30 મિનિટ

મજુરી 5.9%*

R.A. Parikh Jewellers NX

આજે શો રૂમ બંધ રહેશે
રવિવારે શો રૂમ ચાલુ રહેશે

ચીખલી - બીલીમોરા રોડ, આંતલીયા, બીલીમોરા. (પૂર્વ) Mo. 98255 58181

*શરતો લાગુ


### વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જાહેર નોટીસથી જણાવવાનું કે મોજે: તેલાડા, તાલુકો-નવસારી, જીલ્લો: નવસારી મુકામે આવેલ જમીન જેની વિગત નીચે મુજબ છે.

| ગામનું નામ | બ્લોક નંબર | હે.આરે.ચો.મી. | આકાર રૂા. પૈસા | ખાતા નંબર |
|---|---|---|---|---|
| તેલાડા | ૯૫ | ૧-૫૪-૭૩ પૈકી ૧-૦૩-૧૫.૩૩ | ૬.૮૭ | ૩૯૫ |

ઉપરોક્ત વિગતવાળી જમીન કુંજદીપ માધુભાઈ ધાનાણી વિગેરે નાઓની સંયુક્ત માલિકીની ચાલી આવેલ છે. જે જમીન પૈકી કુંજદીપ માધુભાઈ ધાનાણી નાઓના વણ-વહેંચાયેલ હિસ્સાની જમીન તેમની પાસેથી હમારા અસીલ વેચાણ રાખવા માંગે છે. સબબ સર જમીનમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા નો કોઈપણ હકક, દરદાવો, ગણોત હકક કે લેણું, બોજા અન્ય કોઈપણ પ્રકારના હકક, હિત, અધિકાર હોય તો તેમણે આજદિનથી દિન-૭ માં નીચે જણાવેલ સરનામે પુરાવા સહીત રૂબરૂમાં જાણ કરવી, અન્યથા મુદત વિત્યે હમારા અસીલ કાયદેસરનો વેચાણ અવેજ ચુકવી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરાર ચાલશે નહીં. જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

તા. ૨૪-૦૯-૨૦૨૬

મારી મારફત, દિપાલી આર. પટેલ (એડવોકેટ)
૧, ઓમ ચેમ્બર, કાલીયાવાડી, તા. જી. નવસારી. મો.: 95371 30101

### આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)
સીઆઈએન: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: કેઆરએમ ટાવર્સ, 8મો માળ, હેરિંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-600031.
ફોન: +91 44 4564 4000 | ફેક્સ: +91 44 4564 4022

**ધી સિક્યુરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002ની સેક્શન 13 (2) હેઠળ નોટિસ**

નીચે દર્શાવેલ દેવાદારો અને સહ-દેવાદારોએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે જણાવેલ સિક્યોર્ડ લોન મેળવેલ છે. નીચે દર્શાવેલ દેવાદારો અને સહ-દેવાદારોની લોન તેમની સંબંધિત મિલકતોના મોર્ગેજ દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારોના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હોવાથી અને અનિયમિત બન્યા હોવાથી, તેમની લોનને આરબીઆઈની માર્ગદર્શિકા મુજબ એનપીએ તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને તેમની પાસેથી લેણી નીકળતી રકમો નીચેના કોષ્ટકમાં વધુ વિગતવાર આપેલ સંબંધિત નોટિસો મુજબ દર્શાવવામાં આવી છે અને સદર રકમો પર આગળનું વ્યાજ પણ લાગુ થશે અને તે તેમની સંબંધિત તારીખોથી કરારબદ્ધ દર અનુસાર વસૂલવામાં આવશે.

| અ. નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | દેવાદારો અને સહ-દેવાદારોના નામ | સેક્શન 13 (2) નોટિસ તારીખ | સેક્શન 13 (2) નોટિસ મુજબ બાકી નીકળતી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 16087550 & 17208177 | હોમ લોન અને લોન અગેઇન્સ્ટ પ્રોપર્ટી | 1. નાશીરુદ્દીન હદીશમોહમ્મદ શેખ 2. હલીના નાસીર શેખ | 22-Aug-2026 | INR 13,46,280.67/- |
| મિલકતનું સરનામું: વાપી નગરપાલિકાની હદમાં, તા. વાપી, જી. વલસાડ ખાતે આવેલ મૂળ સર્વે નં. 355 પૈકીમાંથી બનેલ સિટી સર્વે નં. 1923 અને 1926 ધરાવતા, 334.35 ચો.મીટર ક્ષેત્રફળ ધરાવતા બિનખેતીના પ્લોટ નં. 32 પર બાંધવામાં આવેલ "અઝાર પેલેસ" તરીકે ઓળખાતી બિલ્ડિંગના બીજા માળે આવેલ રહેણાંક ફ્લેટ નં. 202, જેનું ક્ષેત્રફળ 600 ચોરસ ફીટ એટલે કે 55.74 ચોરસ મીટર (સુપર બિલ્ટ અપ એરિયા) છે તે તમામ પીસ અને પાર્સલ મિલકત, જેની સીમાઓ: પૂર્વ: ફ્લેટ નં. 201 દ્વારા, પશ્ચિમ: માર્જિન સ્પેસ, ઉત્તર: ફ્લેટ નં. 203 દ્વારા, દક્ષિણ: માર્જિન સ્પેસ. | | | | | |

તમને આથી આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર તેમની સંબંધિત તારીખોથી કરારબદ્ધ વ્યાજના દર અને અન્ય ખર્ચ, ચાર્જિસ વગેરે સાથે ઉપર દર્શાવેલ કોષ્ટકની વિગતો મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને રકમ ચૂકવવા માટે જણાવવામાં આવે છે, જેમાં નિષ્ફળ જશે તો અધોહસ્તાક્ષરકર્તા આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) ની બાકી નીકળતી રકમ વસૂલ કરવા માટે ઉપર જણાવેલ ગીરો મિલકતો સામે સરફેસી એક્ટની સેક્શન 13 (4) અને સેક્શન 14 હેઠળ કાર્યવાહી શરૂ કરવા માટે બાધ્ય બનશે. વધુમાં, સદર એક્ટની સેક્શન 13 (13) હેઠળ તમને સદર સિક્યોર્ડ એસેટ્સને વેચાણ/લીઝ અથવા અન્ય કોઈ પણ રીતે ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

સહી/-
ઓથોરાઈઝ્ડ ઓફિસર
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયેલ અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)

તારીખ: 25.09.2026
સ્થળ: વલસાડ, ગુજરાત